અનુસૂચિત જાતિના સરકારી છાત્રાલયો અને આદર્શ નિવાસી શાળાઓમાં "રાઉન્ડ ધ ક્લોક" વોર્ડનની કૂલ.૧૦૮ જગ્યાઓ આઉટસોર્સથી વધુ ૧૧ માસ માટે ચાલુ રાખવા બાબત.

ગુજરાત સરકાર

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

ઠરાવ ક્રમાંક: **SJED/MSM/e-file/17/2024/0798/J Section**

સચિવાલય, ગાંધીનગર

તા. /૦૪/૨૦૨૪

**વંચાણમાં લીધા:-**

(૧) વિભાગનો તા.૦૧-૦૫-૨૦૨૩નો ઠરાવ ક્રમાંક : SJED/NIR/e-file/17/2023/0091/J Section

(૨) નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણની કચેરીનો પત્ર કમાંક: અજાક/મકમ/૪/૭૨૨/૨૦૨૪/ક, તા. ૩૦/૦૩/૨૦૨૪.

**આમુખ:-**

વંચાણે લીધા ક્રમ (૧) હેઠળના વિભાગના તા.૦૧/૦૫/૨૦૨૩ના ઠરાવથી નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ ખાતા હસ્તકના અનુસૂચિત જાતિના કુલ-૮૦ સરકારી છાત્રાલયો અને કુલ-૨૮ આદર્શ નિવાસી શાળાઓ, દરેકમાં ૧, એમ "રાઉન્ડ ધ ક્લોક" કુલ-૧૦૮ વોર્ડનની જગ્યાઓ આઉટસોર્સથી ભરવા માટે વર્ષ ૨૦૨૩-૨૪ ની નવી બાબતને વહીવટી મંજૂરી આપેલ છે.

નિયામકશ્રી(અ.જા.ક)એ વંચાણે લીધા ક્રમ (૨) હેઠળના તા.૩૦/૦૩/૨૦૨૪ના પત્રથી અનુસૂચિત જાતિના સરકારી છાત્રાલયો/આદર્શ નિવાસી શાળાઓમાં "રાઉન્ડ ધ ક્લોક" કુલ-૧૦૮ જગ્યાઓ વોર્ડન તરીકે આઉટસોર્સથી ભરેલ જગ્યાઓ માસિક ૨૦,૦૦૦/- ફિક્સ વેતન (અન્ય ચાર્જીસ સિવાય) ચૂકવવા તેમજ ઉક્ત જગ્યાઓ વધુ ૧૧ માસ માટે ચાલુ રાખવા અંગેની દરખાસ્ત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

**ઠરાવ:-**

પુખ્ત વિચારણાના અંતે,નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ ખાતા હસ્તકના અનુસૂચિત જાતિના કુલ-૮૦ સરકારી છાત્રાલયો અને કુલ-૨૮ આદર્શ નિવાસી શાળાઓ, દરેકમાં ૧, એમ "રાઉન્ડ ધ ક્લોક" કુલ-૧૦૮ વોર્ડનની આઉટસોર્સથી ભરવાની જગ્યાઓ વધુ ૧૧ માસ માટે ચાલુ રાખવા નીચે મુજબની શરતોને આધીન આથી મંજૂરી આપવામાં આવે છે.

**શરતો:**

(૧) લઘુત્તમ વેતનધારા અધિનિયમ, ૧૯૪૮ અન્વયે શ્રમ અને રોજગાર વિભાગના તા. ૨૭/૦૩/૨૦૨૩ના જાહેરનામા તથા તેને આનુષાંગિક બહાર પાડવામાં આવેલ ઠરાવો/પરિપત્રો ધ્યાને લઇ બહાર પાડવામાં આવેલ લઘુત્તમ વેતન જેટલા જ મહેનતાણા આઉટસોર્સીંગ સ્ટાફને ચૂકવવાના રહેશે.

(૨) વંચાણે લીધા ક્રમ(૧) પરના આ વિભાગના તા.૦૧-૦૫-૨૦૨૩ના ઠરાવની અન્ય શરતો યથાવત રહેશે.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણા વિભાગની તા. ૨૦-૦૪-૨૦૨૪ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

eSign
Signed by: SANGITA J PATNI
Organization Unit: Social Justice and Empowerment Department
Organization Name: GOVERNMENT OF GUJARAT
Date: 01-May-2024 (04:12 PM)

(સંગીતા પટણી)

સેકશન અધિકારી

Letter No: SJED/0505/04/2024 Dt: 30-04-2024

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,

- માન.મંત્રીશ્રી(સા.ન્યા)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન. રા.ક.મંત્રીશ્રી(સા.ન્યા)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી(સા.ન્યા)ના રહસ્ય સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી(નાણા વિભાગ)ના રહસ્ય સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી(ક.ગ)સા.વ.વિ. ના રહસ્ય સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલ, અમદાવાદ/રાજકોટ.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર/અમદાવાદ.
- નાણા સલાહકારશ્રી(સા.ન્યા), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સેકશન અધિકારીશ્રી, કોમ્પ્યુટર સેલ, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, ગાંધીનગર તરફ ઓનલાઇન ઠરાવની યાદીમાં સામેલ કરવાની વિનંતી સહ.
- શાખા પસંદગી ફાઇલ-૨૦૨૪.

File No: SJED/MSM/e-file/17/2024/0798/J Section
Approved By: Deputy Secretary,J Section,SJED
***Open the document in Adobe Acrobat DC to verify the E-sign***